# ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ

જાહેરાત ક્રમાંકઃ ૧/ ૨૦૧૧-૧૨

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ ધ્વારા ગુજરાત રાજયની જુદી જુદી જિલ્લા પંચાયતો હેઠળની પંચાયત સેવાની નીચે દર્શાવેલ **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ)** (વર્ગ-૩) સંવર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીથી ફકત પુરુષ ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર તા. ૦૫/૦૮/૨૦૧૧ થી તા. ૩૦/૦૮/૨૦૧૧ (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) અને Signature (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે જે ઓનલાઇન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે, અને બોર્ડ/નિમણુંક સતાધિકારી ધ્વારા માંગણી થયેથી અચૂક રજૂ કરવાના રહેશે.

૧. મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યા અને પગાર ધોરણની વિગતો નીચે મુજબ છે.

| જા..ક્ર. | ખાલી જગ્યાના સંવર્ગનું નામ | પગાર ધોરણ | જનરલ | સા.શૈ.પ. વર્ગ | અનુસૂચિત જાતિ | અનુસુચિત જનજાતિ | કુલ પુરુષ |
|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | |
| ૧/ ૨૦૧૧ -૧૨ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ.) (પંચાયત સેવા) (વર્ગ-૩) | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૪૫૦૦/- ફીકસ પગાર ત્યારબાદ પગાર ધોરણ ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૧૯૦૦ | ૨૧૫૬ | ૧૧૨૨ | ૨૫૭ | ૭૩૩ | ૪૨૬૮ |

આ જાહેરાતમાં જિલ્લાવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | બિનઅનામત (પુરુષ) | સા.શૈ.પછાત (પુરુષ) | અનુસુચિત જાતિ (પુરુષ) | અનુસુચિત જન જાતિ (પુરુષ) | કુલ(પુરુષ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૦ | ૪૯ | ૧૭ | ૧૯ | ૧૭૫ |
| ૨ | અમરેલી | ૯૯ | ૪૨ | ૧૪ | ૦૧ | ૧૫૬ |
| ૩ | આણંદ | ૧૦૫ | ૪૪ | ૦૯ | ૦૮ | ૧૬૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૫ | ૮૩ | ૩૦ | ૨૧ | ૩૦૯ |
| ૫ | ભાવનગર | ૧૬૭ | ૬૭ | ૧૫ | ૦૨ | ૨૫૧ |
| ૬ | ભરૂચ | -- | ૧૯ | -- | ૪૯ | ૬૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | દાહોદ | ૬૯ | ૪૮ | ૦૨ | ૧૧૧ | ૨૩૦ |
| ૮ | ગાંધીનગર | ૫૮ | ૨૫ | ૦૬ | ૦૪ | ૯૩ |
| ૯ | ડાંગ | ૦૬ | ૦૪ | -- | ૦૬ | ૧૬ |
| ૧૦ | જામનગર | ૯૫ | ૩૮ | ૧૦ | ૦૧ | ૧૪૪ |
| ૧૧ | જુનાગઢ | ૧૩૬ | ૫૭ | ૨૦ | ૦૧ | ૨૧૪ |
| ૧૨ | ખેડા | ૧૧૩ | ૪૮ | ૧૦ | ૦૮ | ૧૭૯ |
| ૧૩ | કચ્છ | ૬૯ | ૫૧ | ૧૧ | ૧૨ | ૧૪૩ |
| ૧૪ | મહેસાણા | ૧૧૪ | ૪૮ | ૧૬ | ૦૧ | ૧૭૯ |
| ૧૫ | નર્મદા | ૪૦ | ૧૭ | ૦૩ | ૨૦ | ૮૦ |
| ૧૬ | નવસારી | ૮૩ | ૨૫ | ૦૪ | ૫૪ | ૧૬૬ |
| ૧૭ | પંચમહાલ | ૫૧ | ૭૩ | ૦૭ | ૧૧૭ | ૨૪૮ |
| ૧૮ | પાટણ | ૮૩ | ૩૫ | ૧૧ | ૦૧ | ૧૩૦ |
| ૧૯ | પોરબંદર | ૩૩ | ૧૩ | ૦૪ | - | ૫૦ |
| ૨૦ | રાજકોટ | ૧૨૯ | ૫૩ | ૧૪ | ૦૨ | ૧૯૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૮ | ૨૪ | ૧૦ | - | ૯૨ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૦૭ | ૬૨ | ૨૧ | ૩૯ | ૨૨૯ |
| ૨૩ | સુરત | ૭૬ | ૬૬ | ૦૪ | ૯૭ | ૨૪૩ |
| ૨૪ | તાપી | ૩૭ | ૩૪ | ૦૫ | ૪૧ | ૧૧૭ |
| ૨૫ | વડોદરા | ૮૫ | ૩૯ | ૦૯ | ૩૭ | ૧૭૦ |
| ૨૬ | વલસાડ | ૭૮ | ૫૮ | ૦૫ | ૮૧ | ૨૨૨ |
| કુલ | | ૨૧૫૬ | ૧૧૨૨ | ૨૫૭ | ૭૩૩ | ૪૨૬૮ |

**નોંધઃ-**

(૧) જા.નં. ૧/ ૨૦૧૧-૧૨ અન્વયે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુ.)સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦% જગ્યાઓ અને ૪૦ ટકા કે તેથી વધુ શારીરીક અશકત ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે.

(૨) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) માજી સૈનિક તથા શારીરીક અશકત અનામત જગ્યા ઉપર પસંદગી પામતા ઉમેદવારોની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૪) ઉકત જગ્યાઓ પૈકી પંચમહાલ જિલ્લાની કુલ ૨૪૮ જગ્યાઓ પૈકી -૨૧-જગ્યાઓ અનુસુચિત જનજાતિના અનામત બેકલોગની છે, જે જગ્યાઓ પંચમહાલ જિલ્લાની પસંદગી યાદીમાં આખરી પસંદગી પામેલ અનુસુચિત જનજાતિના ઉમેદવારોથી પ્રથમ ભરવામાં આવશે,

(૫) આ જગ્યા માટેના પગાર ધોરણ/ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચેની વિગતે છે, જે નિયત લાયકાતો ધરાવતા પુરુષ ઉમેદવારે OJAS વેબસાઇટ ઉપર નિયત સમયગાળામાં ઓનલાઇન એક જ માન્ય અરજી કરવાની રહેશે.

૨. **પગાર ધોરણઃ-** બોર્ડ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર નિમણુંક થયેથી નાણાં વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ના તથા તા. ૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે જે તે જગ્યા માટે નિયત થયેલ ફીકસ પગાર મળશે અને પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી ધ્વારા સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૪-૬-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૨૦૦૮- ૪૩૩૭૧૭ – ગ-૫, માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગ્રેજી જાહેરનામાનં.કેપી/૧૨/૨૦૧૧/પીઆરઆર /૧૦૨૦૧૦/૨૫૩૦/ડી તા.૧૫/૬/૨૦૧૧ થી જાહેર કરેલ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય)(બીજો સુધારો)નિયમો-૨૦૧૧ ના નિયમ-૧૦(એ)ની જોગવાઇને આધીન આ જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

૩. **રાષ્ટ્રીયતાઃ-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

**૪. (૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતોઃ-**

| જા. ક્ર. | સંવર્ગ | વયમર્યાદા/ શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧/ ૨૦૧૧-૧૨ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) (પંચાયત સેવા) (વર્ગ-૩) | (ક) તા.૩૦/૦૮/૨૦૧૧ ના રોજ ઉમેદવાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરનો ન હોવો જોઇએ અને ૨૬ વર્ષથી વધુ ઉમરનો ન હોવો જોઇએ.<br>(ખ)ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (S.S.C.E) પાસ કરેલ હોવો જોઇશે અથવા સરકાર માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઇશે.<br>(ગ) ઉમેદવારે સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી મલ્ટી પરપઝ હેલ્થ વર્કર બેઝીક કોર્સની એક વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોવી જોઇશે અથવા સરકાર માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેકટરની પરીક્ષા પાસ કરી હોવી જોઇશે<br>(ઘ) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા મુજબનું “ બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન” ધરાવતા હોવા જોઇશે.<br>(ચ) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ. |

**૪. (૨) વયમર્યાદામાં છૂટછાટઃ-** અનામત વર્ગના પુરુષ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(ક) મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના પુરૂષ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(ખ) ૪૦% કે તેથી વધુ શારીરીક અશકતતા ધરાવતાં ઉમેદવારોને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં દશ (૧૦) વર્ષની વધારાની છૂટછાટ મળશે.

(ગ) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થલ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત (૩) ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

(ઘ) સા.શૈ.પ. વર્ગના ઉમેદવારો નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ (તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧) નું નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ સક્ષમ અધિકારીથી તા. <u>૧-૪-૨૦૧૧</u> થી તા <u>૩૦/૮/૨૦૧૧</u> દરમ્યાન ઇસ્યુ કરેલ હોય તેવું ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. જે કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ અને અનામતનો લાભ નહીં મળે.

(ચ) સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગ્રેજી નોટીફીકેશનં.કેપી/૧૧/૨૦૧૧/પીઆરઆર/૧૦૨૦૦૩/૧૪૫/ડી તા.૧૫/૬/૨૦૧૧ થી જાહેર કરેલ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ)વર્ગ-૩(પંચાયત સેવા)ભરતી નિયમો-૨૦૧૧ ના નિયમ-૩(એ)થી ઠરાવ્યા મુજબ જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખે જે ઉમેદવારો હાલ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર તરીકે કરારના ધોરણે ફીકસ પગારથી અથવા એડહોક ધોરણે નિયમિત પગારધોરણમાં ફરજ બજાવતા હોય અને નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા કિસ્સામાં આ જાહેરાત અન્વયે ઉમેદવારી નોધાવશે તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહી.

**૫. કોમ્પ્યુટરની જાણકારીઃ-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર- ૧૦-૨૦૦૭- ૧૨૦૩૨૦- ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. **અથવા** સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦

અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ **નિમણુંક સત્તાધિકારી સમક્ષ** કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

**૬. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ (cut off date) :-**

જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને નોન ક્રીમીલેયર સર્ટી. અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૩૦/૮/૨૦૧૧ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. અરજી કરવાની રીતઃ-** આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ ધ્વારા NIC ની OJAS વેબસાઇટ મારફત ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખઃ ૦૫/૦૮/૨૦૧૧ થી તા. ૩૦/૦૮/૨૦૧૧ (સમય રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઇટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ http://ojas.guj.nic.in પર જવું. હવે (૨) “Apply On line” Click કરવું. (૩) **“MULTI PURPOSE HELTH WORKER(MALE)”** પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની બાજુમાં “Apply now” પર click કરવાથી Application Format ખુલશે. (૫) જેમાં સૌ પ્રથમ “Personal Details” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) અરજીમાં ઉમેદવારે મોબાઇલ નંબર દર્શાવવો જરુરી છે. (૬) Personal Details ભરાયા બાદ “Educational Details” ભરવા માટે “Educational Qualifications” પર click કરવું અને જરુરી વિગતો ભરવી.તેમજ ત્યારબાદ “Additional Education Qualification” ઉપર Click કરવુ અને જરુરી વિગતો ભરવી.(૭) ત્યારબાદ ઉમેદવાર જો હાલ મલ્ટીપરપઝ હેલ્થ વર્કર(પુરુષ)તરીકે કરારના ધોરણે કે એડહોક ધોરણે ફરજ બજાવતા હોય તો તે વિગતો દર્શાવવા માટે “Details of Service On contractual/Adhoc Basis as MPHW(Male)” ઉપર click કરવુ અને જરુરી વિગતો ભરવી(૮)ત્યારબાદ મેરીટ આધારે પસંદગીના જિલ્લામાં નિમણુંક મેળવવા માટે જિલ્લા પસંદગીના ક્રમ દર્શાવવા માટે “District Preference for Appointment” ઉપર click કરવુ.અને જાહેરાતમાં દર્શાવેલ જિલ્લાઓ પૈકી ઓછામાં ઓછા ૧૦(દસ) જિલ્લાઓ સામે પસંદગી ક્રમ અચુક દર્શાવવા.(૯) તેની નીચે “Self declaration” ઉપરની શરતો સ્વીકારવા માટે “Yes” પર click કરવું અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૦)ત્યારબાદ તેની નીચે એક કોડ સ્ક્રીન ઉપર દેખાશે,જેને Enter કર્યા બાદ “save” પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૧૧) અરજી કર્યા બાદ ઉમેદવારનો “Application Number” generate થશે. જે ઉમેદવારે સાચવીને

રાખવાનો રહેશે. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં “Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth Date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં Photo અને Signature Upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે computer માં હોવા જોઇએ.) “browse” button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઇલને select કરો અને “open” button ને click કરો. હવે “browse” button ની બાજુમાં “upload” button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર click કરો અને “Application Number” તથા Birth Date type કર્યા બાદ ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો.. કન્ફર્મ કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં થઇ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીઃ સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઇ જશે. અહીં **“Confirmation number”** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૪) હવે Print Application પર click કરવું અહીં તમારો Confirmation number ટાઇપ કરવો અને Print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી.(૧૫) જો અરજીમાં આપે મોબાઇલ નંબર દર્શાવેલ હશે તો, અરજી confirm થયેથી તુરત જ આપને મોબાઇલ નંબર ઉપર તે અંગેનો sms મળશે.અરજીમાં દર્શાવેલ આપના મોબાઇલ નંબર ઉપર બોર્ડ ધ્વારા આ જાહેરાત સંદર્ભે મળનાર વિવિધ sms આપને માન્ય રહેશે.

નોંધઃ- ઉમેદવારે ઉકત અરજી કરવાની રીતના પેરા-૧૩ માં દર્શાવેલ વિગતે પોતાની ઉમેદવારી માન્ય કરવા માટે Confirm Application ઉપર અચુક Click કરીને ઉકત પેરા-૧૪ વિગતે Confirmed Application ની Print કાઢીને સાચવી રાખવા અંગત નોધ લેવી અન્યથા આપની અરજી માન્ય નહી ગણાય.જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

૮. <u>પરીક્ષા ફીઃ-</u> બિન અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે. (૧) બિન અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોએ પરીક્ષા સમયે પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા પરીક્ષા દિને પરીક્ષા હોલમાં ઇન્વીજીલેટરને સોંપવાનાં રહેશે, અને પરીક્ષા ફી ભર્યા બદલ નિયત નમુનામાં

પહોંચ મેળવી લેવાની રહેશે. **બિન અનામત વર્ગના ઉમેદવારને પરીક્ષા ફી રૂ.૧૦૦/- રોકડમાં જમા કરાવ્યા બાદ જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે** (૨) મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનામત વર્ગના ઉમેદવારો,અને ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેમજ માજી સૈનિકે પરીક્ષા ફી ભરવાની નથી. (૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો બિન અનામત વર્ગની જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં

**૯. પરીક્ષા પધ્ધતિઃ-**

ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ સંપૂર્ણ વિગતોની પ્રાથમિક ચકાસણી બાદ નિયત લાયકાત અને નિયત વયમર્યાદામાં યોગ્ય ઠરેલ ઉમેદવારોને મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) વર્ગ-૩ની જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે બોર્ડ ધ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ NIC ની OJAS વેબસાઇટ http://ojas.guj.nic.in મારફત online કોલલેટર ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે. જે માટે બોર્ડ ધ્વારા લાયક ઉમેદવારોને NIC ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર online download કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર “SMS” મોકલીને અને અગ્રગણ્ય અખબારોમાં તેમજ વેબસાઇટ ઉપર ટૂંકી જાહેરાત આપીને જાણ કરવામાં આવશે. ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૮-૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/ ૪૭/૨૦૧૧/ પીઆરઆર/ ૧૦૨૦૦૯/ ૧૯૭૬/ ડી, થી ઠરાવ્યા મુજબ આ જગ્યાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ફકત કુલ-૧ (એક) પ્રશ્નપત્ર (હેતુલક્ષી)નીચે મુજબ રહેશે. આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા એક જ દિવસે અને સરખા સમયે નિયત પરીક્ષા કેન્દ્રો ખાતે બોર્ડ ધ્વારા લેવામાં આવશે.

**સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઃ-**

(૧) એક પ્રશ્નપત્ર (હેતુલક્ષી), સમયઃ એક કલાક, કુલ ગુણ-૧૦૦

| | વિષય | ગુણ |
|---|---|---|
| ઉકત પ્રશ્નપત્ર માં | (૧) ગુજરાતી ભાષા અને વ્યાકરણ | - ૨૦ ગુણ |
| | (૨) અંગ્રેજી વ્યાકરણ | - ૨૦ ગુણ |
| | (૩) સામાન્ય જ્ઞાન | - ૨૦ ગુણ |
| | (૪) આ જગ્યાની ફરજ બજાવવા માટે અને કામ (Job) માટે જરુરી જ્ઞાનને મુલવતા (assessing)પ્રશ્નો. | – ૪૦ ગુણ |
| | | **કુલ ૧૦૦ ગુણ** |

(૧) બોર્ડ ધ્વારા નિયત સમયમર્યાદામાં ઓનલાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને આ સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉપસ્થિત રહેવા દેવામાં આવશે.

(૨) આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું એક પ્રશ્નપત્ર(હેતુલક્ષી પ્રશ્નો)નું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિનું રહેશે.

(૩) બોર્ડ ધ્વારા આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારોએ મેળવેલ ગુણ આધારે તમામ હાજર ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ કુલ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાર મેરીટ ક્રમાનુસાર મલ્ટીપરપઝ હેલ્થ વર્કર(પુરુષ)ની કેટેગરીવાર કોમન પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાર મેરીટ આધારે તૈયાર થયેલ કોમન પસંદગી યાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોને તેઓએ ઓનલાઇન અરજીમાં આપેલ જિલ્લા પ્રેફરન્સો ધ્યાને લઇને મેરીટ કમ પ્રેફરન્સ આધારે આ સંવર્ગની જે તે જિલ્લાની ખાલી જગ્યા ઉપર ફાળવણી કરવામાં આવશે.આ કોમન પસંદગી યાદી આધારે જે તે જિલ્લાની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ જે તે જિલ્લાની કેટેગરીવાર ખાલી જગ્યા ધ્યાને લઇને આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરીને આખરી પરિણામ જાહેર કરશે.જે આખરી પરિણામથી જાહેર કરેલ પસંદગી યાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોને જે તે જીલ્લાની કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર વિગતવાર નિમણુંક માટેની ભલામણ જે તે જિલ્લાની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ ધ્વારા સક્ષમ નિમણુંક સતાધિકારીને નિયત શરતોને આધીન કરવામાં આવશે.(૪)ઉમેદવારોએ ઓનલાઇન અરજીમાં અરજી સમયે જે તે જિલ્લામાટે આપેલ પ્રેફરન્સ કોઇપણ સંજોગોમાં બદલવા દેવાની રજુઆત બોર્ડ ધ્વારા ગ્રાહય રાખવામાં આવશે નહી તેમજ ઉમેદવારે આપેલ પ્રેફરન્સ આખરી ગણવામાં આવશે,જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(૫) બોર્ડ ધ્વારા સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ નિયત થયેથી ઓનલાઇન અરજીમાં દર્શાવેલ ઉમેદવારોનાં મોબાઇલ નંબર ઉપર “SMS” ધ્વારા તેમજ વેબસાઇટ ઉપર અને અગ્રગણ્ય અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરીને જાણ કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર NIC ની વેબસાઇટ ઉપરથી online કોલલેટર download કરીને મેળવી લેવાના રહેશે. જે માટે ઉમેદવારોએ online કોલલેટર મેળવવા કોમ્પ્યુટર ઉપર NIC ની વેબસાઇટની મુલાકાત સતત લેવાની રહેશે અન્યથા બોર્ડ જવાબદાર રહેશે નહીં.

**૧૦. સામાન્ય શરતોઃ-** (૧) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારો, ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને મળવાપાત્ર બધી જ છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.જયારે પંચાયત વિભાગના **અંગ્રેજી નોટીફીકેશન નં.કેપી/૧૧/૨૦૧૧/પીઆરઆર /૧૦૨૦૦૩/૧૪૫/ડી તા.૧૫/૬/૨૦૧૧ અન્વયે હાલ કરારના ધોરણે ફીકસ પગારમાં કે એડહોક ધોરણે નિયમિત પગારધોરણમાં ફરજ બજાવતા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ)ને ઉકત મહતમ ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહી.** (૨) (અ) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના પુરુષ ઉમેદવારોએ ઉન્નત

વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) ના નમૂનામાં તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ (તા. ૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧) માટેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીથી તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૦/૮/૨૦૧૧ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્ર માંગણી થયેથી બોર્ડને/નિમણુંક સતાધિકારી સમક્ષ રૂબરૂ રજૂ કરવાનું રહેશે.(બ) જો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પુરુષ ઉમેદવારે ઉકત પેરા-(૨) (અ) માં દર્શાવ્યા મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ નું નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ અસલમાં માંગણી થયેથી રજૂ કરેલ નહીં હોય તો તેમજ બિન અનામત જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવાશે નહીં અને ઉમેદવારી/ પસંદગી “રદ“ કરવામાં આવશે. (૩) ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં. (૪) ઉમેદવાર આ સંવર્ગની ખાલી જગ્યાઓ માટે એક માન્ય અરજી Confirmed Application કરવાની રહેશે,અન્યથા બોર્ડ જે નિર્ણય લે તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(૫)આ જાહેરાત અન્વયે આ સંવર્ગની ખાલી જગ્યાઓ માટે ઉમેદવારે OJAS વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી નિયત સમયગાળામાં કરવાની રહેશે.આ ઓનલાઇન અરજીમાં ઉમેદવારે “District Preferecnce for Appointment”માં પસંદગીના જિલ્લાઓ દર્શાવવા માટે જે તે જિલ્લા સામેની ખાલી જગ્યામાં જિલ્લા પસંદગીના ક્રમ અચુક દર્શાવવાના રહેશે.ઉમેદવારોએ સામાન્ય રીતે તમામ જિલ્લા સામે પસંદગીના યોગ્ય ક્રમ દર્શાવવાના રહેશે તેમ છતાંય ઓછામાં ઓછા-૧૦(દસ) જિલ્લા સામે યોગ્ય તે પસંદગીના ક્રમ અચુક દર્શાવવાના રહેશે,તો જ અરજી માન્ય ગણવામાં આવશે.તેવા કિસ્સામાં ઉમેદવારને પસંદગીના ક્રમ આપેલ હોય તેવા જિલ્લાઓ પૈકીના જિલ્લામાં જે તે કેટેગરીના મેરીટ ક્રમાનુસાર જે તે કેટેગરીની ખાલી જગ્યા ઉપર નિમણુંક મળે તેમ ન હોય ત્યારે,બોર્ડ ધ્વારા જાહેરાતમાં દર્શાવેલ બાકી રહેતા જિલ્લાઓ પૈકીના કોઇ પણ એક જિલ્લામાં તે જ કેટેગરીની ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવશે,જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ જિલ્લા પસંદગી ક્રમોમાં કોઇપણ સંજોગોમાં પાછળથી સુધારા/વધારા કે ફેરફાર કરવા દેવામાં આવશે નહી (૬) **ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ જન્મતારીખ/જાતિ/શૈક્ષણિક લાયકાત/અન્ય લાયકાતમાં કોઇપણ સંજોગોમાં પાછળથી સુધારા વધારા કે ફેરફાર કરવા દેવામાં આવશે નહી તેમજ આખરી પસંદગી પામેલ ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કોઇ પણ માહિતી નિમણુંક સતાધિકારી સમક્ષ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ખોટી કે બોગસ હોવાની કે તેમાં વિસંગતતા જણાય તો નિમણુંક સતાધિકારી ધ્વારા સમિતિ/બોર્ડના પરામર્શમાં યોગ્ય નિર્ણય લઇને કોઇપણ તબકકે ઉમેદવારની પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે.(૭) બોર્ડ તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઇટ અવારનવાર જોતાં રહેવું.**

**નોંધઃ-** (૧) મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની જગ્યાના ભરતી નિયમો અન્વયે ઠરાવેલ શૈક્ષણિક લાયકાત,વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ,પરીક્ષા ફી ,પગારધોરણ તેમજ જાહેરાતની અન્ય તમામ વિગતો બોર્ડની કચેરીના નોટીસ બોર્ડ અને સબંધિત જીલ્લા પંચાયતોના નોટિસ બોર્ડ ઉપર તેમજ (અ) NIC ની વેબસાઇટ http://ojas.guj.nic.in ઉપર (બ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરની વેબસાઇટ **http://panchayat.gujarat.gov.in** ઉપર પણ જોવા મળશે.(૨) ઉકત જાહેરાતની વિગતો તેમજ ઓનલાઇન અરજી ભરવા સંબંધિત કોઇ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર- ........................ તેમજ (બ) બોર્ડની કચેરીનો ફોન નં.૦૭૯-૨૬૩૦૦૯૧૫ ઉપર સંપર્ક કરી શકાશે.

**૧૧. સામાન્ય સૂચનાઓઃ-**

(૧) બોર્ડ જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે બોર્ડના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી, ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) વ્યર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છૂપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે, અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે બોર્ડે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) બોર્ડ તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) બોર્ડ ધ્વારા સીધી ભરતીથી પસંદગી કરવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે.

(૨) ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સતાધિકારી સમક્ષ રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે **નિમણુંક અધિકારી ધ્વારા** ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી નિમણુંક સતાધિકારી ધ્વારા બોર્ડ/સમિતિના પરામર્શમાં "રદ" કરવામાં આવશે. તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/ નિમણુંક થયેલ હશે તો પસંદગી/ નિમણુંક સમિતિ ધ્વારા બોર્ડના પરામર્શમાં કોઇપણ તબકકે "રદ" કરવામાં આવશે.

(૩) બોર્ડ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને આ સંવર્ગની ખાલી જગ્યા ઉપર નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુંક સમયે સક્ષમ સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૪) પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૫) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા સારું તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૯૮ અને સુધારા નિયમો-૨૦૧૧ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી/પરીક્ષા નિયમોને આધિન રહેશે.

૧૨. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખઃ- 4 ઓગસ્ટ 2011 — સચિવ

સ્થળઃ- અમદાવાદ — ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

અમદાવાદ

## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ, જાહેરાત ક્રમાંકઃ ૧/ ૨૦૧૧-૧૨, અન્વયે મલ્ટીપરપઝ હેલ્થ વર્કર(પુરુષ) ની જગ્યા માટેનું ચેકલીસ્ટ.

ઉકત જગ્યા માટેની વયમર્યાદા તા. ૩૦/૦૮/૨૦૧૧ ની સ્થિતિએઃ-
૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૬ વર્ષથી વધુ ન હોવી જોઇએ

| ક્રમ | ઉમેદવારની જાતિ | નીચેની તારીખો દરમ્યાન (બન્ને તારીખો સહીત) જન્મેલા હોવા જોઇએ. |
|---|---|---|
| ૧. | સામાન્ય કેટેગરી (પુરૂષ ઉમેદવાર) | તા.૩૦-૦૮-૧૯૮૫ થી તા. ૩૦-૦૮-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૨. | એસ.સી./ એસ.ટી./ એસ.ઇ.બી.સી. (પુરૂષ ઉમેદવારો)(પાંચ વર્ષ) | તા.૩૦-૦૮-૧૯૮૦ થી તા ૩૦-૦૮-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૩ | ૪૦% કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો(૧૦ વર્ષ) | તા ૩૦-૦૮-૧૯૭૫ થી તા.૩૦-૦૮-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૪. | ૪૦% કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા અનામત વર્ગના પુરુષ ઉમેદવારો (૫+૧૦ વર્ષ) | તા. ૩૦-૦૮-૧૯૭૦ થી તા. ૩૦-૦૮-૧૯૯૩ (બન્ને તારીખો સહીત) |
| ૫. | માજી સૈનિકઃ-<br><br>સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/ જીઓઆઇ/ ૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/ ૧૦૨૦૦૦/ યુ.ઓ./ ૯૫૭/ ગ-૨. | આ સંવર્ગની ખાલી જગ્યા ઉપરની નિમણુંક માટે જે ઉમેદવારે માજી સૈનિક તરીકે સશસ્ત્ર દળોમાં છ મહીનાની સળંગ સેવા કરતાં ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી સૈનિકને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત (૩) ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. |
| ૬. | જો ઉમેદવાર હાલ કરારના ધોરણે/એડહોક ધોરણે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) તરીકે ફરજ બજાવતા હોય | આવા ઉમેદવારના કિસ્સામાં ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહી.<br>નોંધઃ- તા.૧૫/૬/૨૦૧૧ ના રોજ કે તે પહેલા ફરજ બજાવતા હોય તેવા |
| ૭ | મહત્તમ ઉપલી વયમર્યાદા (હાલ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) તરીકે કરાર/એડહોક ધોરણે ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારો સિવાયના કેસોમાં) | તા. ૩૦/૦૮/૧૯૬૬ ના રોજ કે તે પછી જન્મેલ હોવા જોઇશે. |
| ૮ | લઘુત્તમ વયમર્યાદા | તા. ૩૦/૦૮/૧૯૯૩.. ના રોજ કે તે પહેલા જન્મેલ હોવા જોઇશે. |

| | | |
|---|---|---|
| ૯ | શૈક્ષણિક લાયકાતઃ-<br>(૧) મલ્ટી પરપઝ હેલ્થ વર્કર(પુરુષ) | (૧)ઉમેદવાર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (S.S.C.E) પાસ કરેલ હોવો જોઇશે અથવા સરકાર માન્ય સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઇશે.<br>(૨) ઉમેદવારે સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી મલ્ટી પરપઝ હેલ્થ વર્કર બેઝીક કોર્સની એક વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોય અથવા સરકાર માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેકટરની પરીક્ષા પાસ કરી હોવી જોઇશે<br>(૩) ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા મુજબનું “ બેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન” ધરાવતા હોવા જોઇશે<br>(૪) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ |
| ૧૦. | પરીક્ષા ફીઃ-<br><br>(૧) ફકત બિન અનામત વર્ગ (સામાન્ય) કેટેગરી માટે | સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા સમયે ફકત બિન અનામત વર્ગના ઉમેદવારોએ રૂ. ૧૦૦/- રોકડા પરીક્ષા ફી પેટે પરીક્ષા દિને પરીક્ષા હોલમાં વર્ગનિરીક્ષકથી જમા કરાવીને પહોચ મેળવી લેવાની રહેશે. |
| | (૨) અનામત વર્ગ અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે, માજી સૈનિક, ૪૦% કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર માટે | પરીક્ષા ફી માંથી મુકિત છે. |